અપીલ અરજી નં.૧૧૧ તા.૮–૬ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૪–૫–૧૧ની અરજીથી (૧) મજૂરા ફાયર સ્ટેશનની પાછળ, શિવ મોટર્સથી દક્ષિણ દિશા તરફ બિલકુલ બાજુમાં, (૨) ઘોડ–દોડ રોડ, બેંક ઓફ ઈન્ડીયાથી પુર્વ દિશા તરફ બિલકુલ બાજુમાં ભવ્ય ઈમારત, (૩) ઘોડ–દોડ રોડ, ગુલ મહલથી પૂર્વ દિશા તરફ બિલકુલ બાજુમાં ભવ્ય ઈમારત (૪) ઘોડ–દોડ રોડ, ગુલ મહલની સામે, (૫) ઘોડ–દોડ રોડ,સરેલા શોપીંગ સેન્ટર સામે, કુબેરજી કોરિડોર, ભવ્ય શોપીંગ સેન્ટર, (૬) ચોસઠ જોગણીયો મંદિરથી, સાઉથ (ઉધના) ઝોન તરફના રોડ ઉપર, વિનાયક માર્બલથી દક્ષિણ દિશા તરફ બીલકુલ બાજુમાં (૭) ચોસઠ જોગણીયો મંદિરથી, સાઉથ (ઉધના) ઝોન તરફના રોડ ઉપર, અંકિતા એન્ટરપ્રાઈઝ, રીઘમ પ્લાય ની બાજુમાં ઉપરોકત સાતેય જગ્યાએ મોટી ઈમારતોના બાંધકામો ચાલી રહયા હોઈ, આ બાંધકામ અંગેની રજાચિઠ્ઠી, પરવાનગી, કાયદેસરતા, માળ અને ક્ષેત્રફળ, પાર્કીગ તથા પ્લાન પાસ બાબતની તમામ પ્રકારે કાયદેસરતાની સંપુર્ણ માહિતિ. તથા સાતેય મુદ્દાઓમાં પરવાનગી ન આપેલ હોય તો જે તે જવાબદાર અધિકારીઓનાં નામ અને હોદ્દા સહિતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૮–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૧૧/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૪–૫–૧૧ની અરજીથી માંગેલ માહિતી બાબતે મુદ્દા નં.૬,૭ માટે જાહેર માહિતિ અધિકારી ઉધના ઝોને માહિતિ અપેલ ન હોવાનું, મુદ્દા નં.૧,૩,૪ માટે જાહેર માહિતિ અધિકારી અઠવા ઝોન તરફથી નકલ મેળવવા નાણાં ભરી માહિતી મેળવવા જણાવેલ તથા જાહેર માહિતિ અધિકારી ટાઉન પ્લાનર તરફથી માહિતિ આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૩૫૬ તા.૧૫–૬–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી , કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી મુદ્દા નં.૨ અને ૫ અંગેની નિયત સમય અવધિ બાદ માહિતી આપતો પત્ર નં.ટીડીઓ/૯૧ તા.૭–૬–૧૧ ના પત્રની નકલ, અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૫૩ તા. ૧૬–૫–૧૧ થી મુદ્દા નં.૨ અને ૫ અંગે તબદીલ કરેલ પત્રની નકલ, ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૫૭ તા.૭–૫–૧૧ ના રોજ અઠવાઝોનને આંશિક તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૩૬૯ તા.૫–૭–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, ઉધના ઝોન તરફથી અઠવાઝોનને તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અઠવાઝોન તરફથી મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ થયેલ પત્રની નકલ તથા તેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, અરજદારને માહિતી મેળવવા નાણા ભરવા પાઠવેલ પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.ન.૧૬૩ તા.૨૧–૫–૧૧ ના પત્રની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગેના એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.
અરજદારની તા. ૪–૫–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં. ૧૫૭ તા.૭–૫–૧૧ ના રોજ જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને આંશિક તબદીલ કરેલ છે. અઠવાઝોન તરફથી મુદ્દા નં.૨ તથા ૫ અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૫૩ તા.૧૬–૫–૧૧ થી ટાઉન પ્લાન મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૬૩ તા.૨૧–૫–૧૧ થી અરજદારને માહિતી પેટે પાના દીઠ રૂા.૨/– લેખે પાના નંગ–૩ ના રૂા.૬/– તથા પાર્ટ પ્લાન નંગ–૫ ના રૂા.૨૫૪૧.૨૦/– મળી

કુલ રૂા.૨૫૪૭.૨૦/– ભરપાઈ કર્યેથી માહિતી મળશે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે તા.૮–૬–૧૧ ના રોજ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન, અઠવાઝોન અને શ્રી જે.એમ. પટેલ ટાઉન પ્લાનીંગ વિભાગ જાહેર માહિતી અધિકારી જણાવી મુદ્દા નં.૬ અને ૭ માટે માહિતી નહીં મળ્યાનું તથા મુદ્દા નં.૧,૩ અને ૪ માટે નાણા ભરવાના હોવાથી અને પ્લાનની માંગણી કરેલ નથી તેવું જણાવી તથા ટાઉન પ્લાનીંગમાંથી કોઈ માહિતી ન આપ્યાનું જણાવી તા.૮–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.૨ અને ૫ અંગે ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ કક્ષાએથી મુદ્દા નં.૨ ઘોડદોડ રોડ ગુલ મહોરની પૂર્વ દિશા તરફ બિલકુલ બાજુમાં ભવ્ય ઈમારત બાબતે ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસના પત્ર નં.ટીડીઓ/૯૧ તા.૭–૬–૧૧ થી " ટીપી સ્કીમ નં.૯ (મજુરા) ફા.પ્લોટ નં.૧૮૯/પૈકી એમ–૪ વાળી મિલ્કતમાં મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૨૮૧ તા.૧૦–૧–૧૧ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. ઉકત વિકાસ પરવાનગીના પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ નકલ ફી પેટે રૂા.૬૯૭/– મધ્યસ્થ શહેર વિકાસની કચેરીએ ભરપાઈ કર્યેથી ઉકત નકલો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ ઘોડ–દોડ રોડ, સરેલા શોપીંગ સેન્ટર સામે, કુબેરજી કોરિડોર, ભવ્ય શોપીંગ સેન્ટર બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી ઉકત મુદ્દા નં. ૨ માં જણાવેલ પત્ર નંબરથી " ટીપી સ્કીમ નં.૫ (અઠવા–ઉમરા) ફા.પ્લોટ નં.૫૫૯/બી વાળી મિલ્કતમાં મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી ટીડીઓ/૨૩૨ તા.૩–૧૧–૧૦ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. ઉકત વિકાસ પરવાનગીના પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ મેળવવા ફી પેટે રૂા.૭૨૨/– મધ્યસ્થ શહેર વિકાસની કચેરીએ ભરપાઈ કર્યેથી ઉકત નકલો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં ટાઉન પ્લાનીંગ વિભાગ જે વિગત જણાવેલ છે તેને સ્પર્શતી નહીં પરંતુ ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને અરજદારની જાણ હેઠળ અરજી તબદીલ કરેલ છે. આમ અરજદારે શહેર વિકાસ વિભાગની જગ્યાએ ટાઉન પ્લાનીંગ વિભાગ જણાવેલ છે અને જે અંગે અરજદારને પત્ર નં.ટીડીઓ/૯૧ તા.૭–૬–૧૧ થી મુદ્દા નં.૨ અને ૫ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તથા અરજદારે માંગેલ પરવાનગી કાયદેસરતા, માળ, ક્ષેત્રફળ, રજાચિઠ્ઠી પાર્કીંગ તથા પ્લાન પાસની માંગેલ માહિતી પૈકી પ્લાન પાસ અને કાયદેસરતાની વિગતો જણાવી બાકી અંગે નિયત ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા પ્રસ્તાવ કરેલ છે પરંતુ તે નિયત સમય અવધિ બાદનો છે.

અરજદારની અરજી અઠવાઝોનને લગતી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૬૩ તા.૨૧–૫–૧૧ થી અરજદારને માહિતી પેટે પાના નંગ–૩ ના પ્રતિ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૬/– તથા પાર્ટ પ્લાન નંગ–૫ ના રૂા.૨૫૪૧.૨૦/– મળી કુલ રૂા.૨૫૪૭.૨૦/– ભરપાઈ કર્યેથી માહિતી મળશે તેવું જણાવેલ છે.જે અંગે અરજદારે અપીલમાં મુદ્દા નં.૧,૩ અને ૪ બાબતે પ્લાનની માંગણી કરેલ નથી તેવું જણાવેલ છે. પરંતુ તે સિવાયની માહિતી અરજદારે ભરપાઈ કરીને મેળવેલ છે કે કેમ? તે અંગે કોઈ વિગતો અપીલ તબકકે જણાવેલ નથી. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે માંગેલ પ્લાન સબંધી વિસ્તૃત ફલકની માહિતી ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીનો સમય અવધિમાં કરેલ પ્રસ્તાવ અયોગ્ય જણાતો નથી. આથી અરજદાર તે માહિતી જાહેર માહિતી અધિકારીએ જણાવેલ પ્રસ્તાવ મુજબ ભરપાઈ કરી મેળવી શકે છે.

અરજદારની મુળ અરજીના મુદ્દા (૬) ચોસઠ જોગણીયો મંદિરથી, સાઉથ (ઉધના) ઝોન તરફના રોડ ઉપર, વિનાયક માર્બલથી દક્ષિણ દિશા તરફ બીલકુલ બાજુમાં (૭) ચોસઠ જોગણીયો મંદિરથી, સાઉથ (ઉધના) ઝોન તરફના રોડ ઉપર, અંકિતા એન્ટરપ્રાઈઝ, રીઘમ પ્લાય ની બાજુમાં બાંધકામ બાબતની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડયેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આમ અરજદારને મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે પરંતુ અરજદારે અપીલમાં પ્લાનની માંગણી કરેલ નથી તેવું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૫–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૬ અને ૭ ની માહિતી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

મુદ્દાં ન.૨ અને ૫ અંગે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ કક્ષાએથી નિયત સમય અવધિ બાદ ફી ભરવા જણાવેલ પત્ર ધ્યાને લેતાં દિન–૭ ની અવધિમાં અરજદારને દફતરી તપાસણી પૂરી પાડી અરજદારે મુળ અરજીથી માંગેલ રજાચિઠ્ઠી , માળ, ક્ષેત્રફળ, પાર્કીંગ તથા પ્લાન પાસ બાબતેની માહિતીનો ઉતારો આરટીઆઈ એકટની

કલમ–૭(૯) હેઠળ કરવા દેવા અને તેની જાણ અત્રે કરવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને જણાવવામાં આવે છે.

અઠવાઝોનને સ્પર્શતી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ધ્વારા સમય અવધિમાં અરજદારને પત્ર પાઠવી ફી ભરી માહિતી મેળવી લેવા પ્રસ્તાવ કરેલ છે. તેથી અરજદાર તેમ કરીને માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે. તેમ છતાં અપીલમાંના તેમની રજૂઆત પ્લાનની માંગણી કરેલ નથી તેવા અપીલના દાવાને ધ્યાનમાં લઈ અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી અઠવાઝોનનો દિન–૭ માં આગોતરો મસય મેળવી બાબત હેઠળની દફતરની તપાસણી કરી ખપ પૂરતી માહિતીનો ઉતારો કરવા કે નકલો મેળવવા સ્વતંત્ર છે. જે અંગે અરજદારે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળની ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદારની આવી માંગણી થયેથી હુકમની અમલવારી કરવા અને તેની જાણ અત્રે કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી , કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ